* R R - 0 3 2 3 / 5 0 0 *

# RR-0323

## First Year B. Com. Examination

### March / April – 2010

### Gujarati - Com.

Time : Hours] [Total Marks : **70**

સૂચના

(૧)

| નીચે દર્શાવેલ ☛ નિશાનીવાળી વિગતો ઉત્તરવહી પર અવશ્ય લખવી. Fillup strictly the details of ☛ signs on your answer book. | Seat No. : |
|---|---|
| Name of the Examination : ☛ F. Y. B. Com. | |
| Name of the Subject : ☛ Gujarati - Com. | |
| ☛ Subject Code No. : 0 3 2 3 ☛ Section No. (1, 2,.....) : Nil | Student's Signature |

(૨) **જમણી** બાજુ આપેલ અંક પ્રશ્નના ગુણ દર્શાવે છે.

૧ 'શિવકુમાર જોષીની શ્રેષ્ઠ વાર્તાઓ'ને આધારે વાર્તાકાર શિવકુમારની સિદ્ધિ-મર્યાદાઓ સદૃષ્ટાંત ચર્ચો. ૧૩

**અથવા**

૧ 'પણ તિલોત્તમાનું શું' ? 'રાત અંધારી અને તલ છે કાળા' શિવકુમાર જોષીની વેશ્યા જીવનને સ્પર્શતી વાર્તાઓની સમીક્ષા કરો.

૨ " 'શિવકુમાર જોષીની શ્રેષ્ઠ વાર્તાઓ'માં અભિવ્યક્તિની કળા નહીં પણ અનુભવ વિશ્વમાંથી પસંદ કરેલ વિષયવસ્તુનું વૈવિધ્ય છે." - પ્રસ્તુત વિધાન ચર્ચો. ૧૨

**અથવા**

૨ 'રાજરાજેશ્વરી', 'માધુરી' અને 'કોમલ ગાંધાર' વાર્તામાં પ્રગટતી વાર્તાકારની જીવનદૃષ્ટિનો પરિચય કરાવો. ૧૨

૩ ટૂંકનોંધ લખો : (ગમે તે **બે**) ૧૦

(૧) 'શિવકુમાર જોષીની શ્રેષ્ઠ વાર્તાઓ'ના પુરુષપાત્રો

(૨) કાલિન્દીનું પાત્રાલેખન

(૩) 'શિવકુમાર જોષીની શ્રેષ્ઠ વાર્તાઓ'ની સંવાદકલા

(૪) શિવકુમાર જોષીની વાર્તાઓમાં પ્રગટ થતું સમાજદર્શન.

૪ આપેલા મુદ્દાઓને આધારે ચાલીસ વાક્યોમાં પરિચ્છેદ લેખન કરો : ૮
(ગમે તે **એક**)

(અ) વિસ્તારે વિસ્તારે ચાલતા અડ્ડાઓ - પાયમાલી અને બરબાદી તરફ લઈ જતું દૂષણ - પોલીસ, રાજકારણ અને ગુનેગારો વચ્ચેનું ગઠબંધન - સમાજજીવન અને કુટુંબજીવનની ભાવિપેઢી પર ખરાબ અસર - સ્ત્રીઓને વેઠવા પડતા દુઃખો - નશાબંધી મંડળની ભૂમિકા - દારૂબંધી બાબતે લોકજાગૃતિની અનિવાર્યતા. ૮

**અથવા**

(અ) અન્ન એવા ઓડકાર : વાચન એવા વિચાર - વાચનની આવશ્યકતા - પુસ્તક વાચનની સામાન્ય અસર - વર્તમાન જીવન અને પુસ્તકો - જીવન પર સાહિત્યની અસર - પુસ્તક - પસંદગીની કળા - ઉત્તમ વાચન - ઉત્તમ જીવનનો માર્ગ - સમયનો અભાવ, વાચન રસમાં ઓટ. ૮

(બ) જી.આઈ.ડી.સી. વાપીમાં આવેલી એક કેમિકલ કંપનીમાં સેલ્સમેનની જરૂર છે. તે માટેની જાહેરાતનો નમૂનો તૈયાર કરો. ૬

**અથવા**

(બ) રાજકોટની એક સહકારી બૅન્કમાં મૅનેજર અને એકાઉન્ટ કલાર્કની જગ્યા માટે અરજી મંગાવતી વર્તમાનપત્રમાં છાપવાની જાહેરાત તૈયાર કરો. ૬

૫ (અ) ભાગીદાર પેઢીનું લિમિટેડ કંપનીમાં રૂપાંતર કર્યું હોઈ તેની માહિતી આપતો પરિપત્ર તૈયાર કરો. ૬

**અથવા**

(અ) માલનું વેચાણ વધારવાની સૂચનાનો અમલ ન કરનાર સુરતના એક એજન્ટની એજન્સી રદ કરતો પત્ર કંપની તરફથી લખો. ૬

(બ) નીચેના પરિચ્છેદનું સારલેખન કરી, યોગ્ય શીર્ષક આપો : (ગમે તે **એક**) ૭

નદીને જો કોઈ ઉપમા આપી શકાય તો તે માતાની જ છે. નદીને કાંઠે રહીએ એટલે દુકાળની બીક તો રહે જ નહીં. મેઘરાજા દગો દે ત્યારે નદીમાતા આપણો પાક પકવે. નદીનો કાંઠો એટલે શુદ્ધ અને શીતલ હવા. નદીને કાંઠે કાંઠે ફરવા જઈએ એટલે કુદરતના માતૃવાત્સલ્યના અખંડ પ્રવાહનું દર્શન થાય. નદી મોટી હોય અને એનો પ્રવાહ ધીરગંભીર હોય ત્યારે તો કાંઠા ઉપર રહેનાર લોકોની જાહોજલાલી એ નદીને જ આભારી હોય. સાચે જ નદી જનસમાજની માતા છે. શહેરમાં શેરીએ શેરીએ ફરતાં હોઈએ અને એકાદ ખૂણા તરફથી નદીનું દર્શન થાય ત્યારે આપણને કેટલો આનંદ થાય ? શહેરનું મેલું વાતાવરણ ક્યાં ? અને નદીનું પ્રસન્ન દર્શન ક્યાં ? તરત જ ફેર જણાઈ આવે છે. નદી ઈશ્વર નથી પણ ઈશ્વરનું સ્મરણ કરાવનાર દેવતા છે. જો ગુરુને વંદન ઘટે તો નદીને પણ વંદન કરવું ઘટે છે.

- કાકા કાલેલકર

**અથવા**

(બ) તમને લાગે તો નાસ્તિક બનો, પણ વિચાર કર્યા વિના કોઈ વસ્તુ માની ન લો. આત્માને પશુની કક્ષાએ નીચે શા માટે ઉતારવો ? આથી તમે તમારી જાતને જ નહિ, પરંતુ સમાજને પણ નુકસાન પહોંચાડો છો, અને તમારી પછી આવનારાઓને ભયમાં મૂકો છો. જાગો અને અંધશ્રદ્ધા રાખ્યા સિવાય બુદ્ધિપૂર્વક વિચાર કરો. ધર્મ એ માન્યતાનો નહિ પણ થવાનો અને અનુભવવાનો સવાલ છે. આ ધર્મ છે અને તમે જ્યારે તેને પામો ત્યારે જ તમને ધર્મ લાધ્યો લેખાય. તે પહેલાં તમે પશુઓથી જરાય ઊંચા નથી. મહાન બુદ્ધ કહે છે. 'તમે જે સાંભળ્યું હોય એમાં શ્રદ્ધા ન રાખો, કોઈ વિધાનો પેઢીઓથી ચાલ્યાં છે માટે જ તેમાં ન માનો, તમે તે સત્યો વિશે રોજની ટેવથી ટેવાઈ ગયા હો તો પણ ન માનો, તમારા ગુરુઓ અને વડીલોનો આદેશ છે માટે પણ ન માનો, પણ તમારી જાતે વિચાર કરો, પૃથક્કરણ કરી જુઓ અને જ્યારે પરિણામ સ્વીકાર્ય બને તથા સર્વ કોઈનું ભલું કરે એવું દેખાય ત્યારે તેને સ્વીકારો અને તે પ્રમાણે જીવન જીવો. ૭

- સ્વામી વિવેકાનંદ

૬ માંગ્યા પ્રમાણે ઉત્તર આપો :

(અ) નીચેના રૂઢિપ્રયોગોના અર્થ આપી, વાક્યમાં પ્રયોગ કરો : (ગમે તે **બે**) ૨

(૧) અક્કલ ગુમ થઈ જવી

(૨) ઈકોત્તેર પેઢી તારવી

(૩) ઊજળે લૂગડે ડાઘ

(૪) કાન ભંભેરવા.

(બ) નીચેની કહેવતોનો અર્થ સમજાવો : (ગમે તે **બે**) ૨

(૧) અણી ચૂક્યો સો વરસ જીવે

(૨) ઈંટનો જવાબ પથ્થરથી

(૩) ઊલમાંથી ચૂલમાં પડવું

(૪) ખાલી ચણો વાગે ઘણો.

(ક) અનેકાર્થી શબ્દો જણાવો : (ગમે તે **બે**) ૨

(૧) ધન (૨) છત્ર

(૩) ગુણ (૪) હાર.

(ડ) સમાનાર્થી શબ્દો આપો : (ગમે તે **બે**) ૨

(૧) મંદિર (૨) કમળ

(૩) નોકર (૪) સૂર્ય.

---